ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૯૨ ટકા

# આજ મારે આંગણે પધારશે ‘મા-પાવાવાળી’

## આ વર્ષે સરકારની ગાઈડલાઈન પ્રમાણે શેરી ગરબાને મંજુરી મળતા સોસાયટી-શેરીમાં ગરબાની ધુમ : શહેરમાં ૭૦ જેટલા સ્થળો પર શેરી ગરબા થવાના છે

ગાંધીનગર, તા.૬

જગત જનની, જોગમાયા, રાજ રાજેશ્વરી, મહામાયા, જગદંબા, નવદુર્ગાની ભક્તિમાં લીન થઈ માંના આશીર્વાદ લઈ ધન્ય થવા આજથી નવરાત્રીનો શુભારંભ થઈ રહ્યો છે. આજથી શરૂ થનાર માના નવલા નોરતાના પ્રારંભે ઘટ્ટ સ્થાપન, ગરબા સ્થાપનનું પુજન માઈભકતો દ્વારા કરવામાં આવશે.

નવ દુર્ગાનાં નવ સ્વરૂપોની આરાધના એટલે નવરાત્રિ. હિંદુ ધર્મમાં નવરાત્રી સૌથી મહત્વપૂર્ણ તહેવાર છે. જે ૧૦ દિવસ અને ૯ રાત્રી સુધી ધામધૂમથી મનાવવામાં આવે છે. આ તહેવાર અસત્ય પર સત્યનો વિજય દર્શાવે છે. નવરાત્રિના આ પાવન પર્વ પર નવ દિવસે માં દુર્ગાના વિવિધ રૂપોની પૂજા કરવામાં આવે છે. જેમાં પહેલો દિવસ દેવી શૈલપુત્રી, બીજો દિવસ દેવી બ્રહ્મચારીણી, ત્રીજો દિવસ દેવી ચંદ્રઘંટ, ચોથો દિવસ દેવી કુષ્માંડા, પાંચમો દિવસ દેવી સ્કંદમાતા, છઠ્ઠો દિવસ દેવી કાત્યાયની, સાતમો દિવસ દેવી કાલરાત્રિ, આઠમો દિવસ મહાગૌરી, નવમો દિવસ સિધ્ધિદાત્રીને સમર્પિત છે.

નવરાત્રિમાં ઈશ્વર પ્રત્યેની ભકિત અને અધ્યાત્મનો સંગમ થતો જોવા મળે છે. નવરાત્રિના નવ દિવસ ઉપાસના અને આરાધના સાથે આ પર્વ દરમિયાન ભકતો વ્રત અને ઉપવાસ રાખે છે. નવરાત્રિના દિવસો અગાઉ ધરતી પર ઘણી આપત્તિ આવતી હોય છે. વરસાદને કારણે ચેપી રોગ ફાટી નીકળે અથવા તો મોંઘવારી વધે, કોઈ જગ્યાએ અતિવૃષ્ટિ થાય તો કોઈ જગ્યાએ અનાવૃષ્ટિ, આ કુદરતી આફતો શ્રાવણ, ભાદરવો અને આસો મહિના દરમિયાન વધુ જોવા મળે છે તેથી આ તમામ તકલીફોને દુર કરવા માટે નવ દિવસ સુધી વ્રત ઉપાસના કરવામાં આવે છે.

સર્વ ભવન્તુ સુખિન સર્વે સન્તુ નિરામયાઃ સર્વે ભદ્રાણી પશ્યન્તુ, મા કિચદ્ દુઃખ ભાગ્યવેત. જેનો મતલબ છે નવરાત્રિના નવ દિવસ મનમાં ખરાબ વિચારો, છળ-કપટ, ઈર્ષા છોડીને નવ દિવસ સુધી માનવકલ્યાણના કામો કરવા જોઈએ.

નવરાત્રિમાં માતાની ચોકી સજાવતી વખતે ઘટ સ્થાપના જરૂર કરવામાં આવે છે. આ માટે માટીનો ઘડો અથવા તાંબા કે ચાંદીનો લોટો લેવામાં આવે છે. તેના પર સ્વસ્તિકનું ચિહ્ન બનાવાય છે અને નારિયેળ સ્થાપિત કરવામાં આવે છે.

ગાંધીનગરમાં ૭૦ જેટલા સ્થળો પર શેરી ગરબા થવાના છે. સરકારની ગાઈડ લાઈન મુજબ ૪૦૦ માણસોની મંજુરી મળવાથી ઘણા વિસ્તારોમાં આ વર્ષે ગરબાનું આયોજન કરવામાં આવ્યું નથી. ઉપરાંત કોરોના મહામારીમાં ઘણાએ સ્વજનો ગુમાવ્યાનો શોક હોવાના કારણે ગરબાનું આયોજન રદ કરવામાં આવ્યું છે. તેઓ શોકમય વાતાવરણમાંથી બહાર આવી શકયા નથી. આવા સંજોગોમાં શહેરના વસાહતીઓના સામુહિક હિતને ધ્યાનમાં લઈને નવરાત્રીની ઉજવણી તથા માતાજીની શોભાયાત્રા બંધ રાખી છે. સાદી વિધિથી ફકત માતાજીનું સ્થાપન અને આરતી કરવામાં આવશે તેવો નિર્ણય લેવાયો છે. નવા ગાંધીનગર વિસ્તારમાં સોસાયટીઓમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં સ્પીકર પર ગરબા મ્યુઝિક વગાડીને ખેલૈયાઓ ગરબાની ધૂમ મચાવશે.

### કળશ સ્થાપનાનું મહત્વ

કળશ મધ્ય સ્થાનથી ગોળાકાર અને મુખ નાનું હોય છે. પૌરાણિક માન્યતાઓ મુજબ કળશના મુખમાં વિષ્ણુ, કંઠમાં મહેશ અને મૂળમાં સૃષ્ટિના રચેતા બ્રહ્માજીનું સ્થાન માનવામાં આવે છે. કળશના મધ્ય સ્થાનમાં માતૃ શકિતઓનું સ્થાન માનવામાં આવે છે. કળશને તીર્થનું પ્રતીક માનીને પૂજવામાં આવે છે. કળશ ઉપર લાલ રંગના કપડામાં નારિયેળ લપેટીને મુકવામાં આવે છે. નારિયેળને ગણેશજીનું પ્રતીક માનીને પૂજવામાં આવે છે. જે રીતે બધા કાર્યોમાં ગણેશજીનું પૂજન કરવામાં આવે છે એજ રીતે પૂજનમાં સૌથી પહેલા કળશ પૂજન થાય છે. કળશ સ્થાપના કરતી વખતે જવ વાવવાની પરંપરા છે. એવું કહેવાય છે કે સૃષ્ટિના નિર્માણ પછી સૌથી પહેલો પાક જવ હતો તેથી તેને પૂર્ણ પાક માનવામાં આવે છે જેની પાછળ એ માન્યતા છે કે જવને સુખ સમૃદ્ધિ અને સંપન્નતાનું પ્રતીક માનવામાં આવે છે. જેમ જવ ઝડપથી અને ઘનત્વ સાથે વધે છે તેમ સુખ સંપન્નતા આવે છે.





નવરાત્રી શરૂ થઈ રહી છે. આ વખતે શેરી ગરબાનો ખરો રંગ જામશે. શેરી ગરબાઓ માટે તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. નવરાત્રીના દિવસોમાં ઘરે ઘરે ગરબાનું સ્થાપન કરી માતાજીની આરતી કરવામાં આવે છે. નવરાત્રીના પ્રારંભે બજારોમાં ગરબા તરીકે ઓળખાતા નાના ઘડાનું વેચાણ થઈ રહ્યું છે. આ ઉપરાંત રંગ બેરંગી ચૂંદડીઓનું વેચાણ પણ સારું એવું થઈ રહ્યું છે.

## બીસીએ કોલેજ ખાતે ‘Design and Invent Yourself’ વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા.૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ - બીસીએ ખાતે સેમેસ્ટર ૫ના વિદ્યાર્થીઓએ માટે ‘Design and Invent Yourself’ વિષય અંતર્ગત વેબીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં આ વેબિનારમાં વકતા પ્રો. મોનિકા પટેલે વિદ્યાર્થીઓને સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક કે કોઈ પણ ક્ષેત્રે નૈતિકતા અને તેના મૂલ્યોનું જતન કઈ રીતે કરી શકાય, વિદ્યાર્થી જીવનમાં આવતા સ્ટ્રેસ, ગુસ્સો, નકારાત્મક વિચારો અને લાગણીઓને કેવી રીતે કાબુમાં રાખી શકાય, જીવનમાં નિયમિતતાની કેટલી જરૂરિયાત છે વગેરે વિષયોને આવરી લઈને કુલ ૩ સેશનમાં વિદ્યાર્થીને માહિતગાર કર્યા હતા. આ સમગ્ર વેબીનારમાં કોલેજના સેમેસ્ટર ૫ના વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ વેબિનરનું આયોજન ડાયરેક્ટર પ્રો. રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



કોરોનામાં અવસાન પામેલા સ્વજનોને અંજલી આપવાનો કાર્યક્રમ પંચદેવ મંદિરે યોજાયો હતો. લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સમર્પણ કોલેજમાં એકસ્પર્ટ લેકચર યોજાયું



ગાંધીનગર, તા.૬

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એકસર્ટ લેકચર યોજાયું હતું. જેમાં ફિઝીકસ વિષયના ડૉ. દેવાંગ શાહ (આસીસ્ટન્ટ પ્રોફેસર અને હેડ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બાવળા) ઉપસ્થિત રહ્યા હતા તેમણે વિદ્યાર્થીઓને ક્રીસ્ટેલોગ્રાફી અને તેના વિવિધ ઉપયોગો વિશે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પ્રોગ્રામનું સંચાલન આસિસ્ટન્ટ પ્રોફેસર નિયતી મેવાડા, આસિ. પ્રોફેસર રિધ્ધેશ પટેલ તથા ડૉ. ઉમંગ પંડયાએ કર્યું હતું.

## જીએનએલયુ ખાતે ‘ટ્રેઈન ધ ટ્રેઈનર - ઈન્ટેલિક્ટ્યૂઅલ ડિસેબલ’ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૬

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી તથા સ્પેશિયલ ઓલિમ્પિકસ ભારત ગુજરાતના સંયુકત ઉક્રમે તારીખ ૫ થી ૭ ઓકટોબર દરમિયાન ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે બૌધિક દિવ્યાંગ રમતવીરોને ટ્રેઈનર્સ તથા કોચીઝના પ્રશિક્ષણ માટે ત્રિ દિવસીય કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. જે ડૉ. અર્જુનસિંહ રાણા (એસજીએસયુના કુલપતિ)ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં એસજીએસયુના કુલપતિ




ડૉ. અર્જુનસિંહ રાણા, સ્પેશિયલ ઓલિમ્પિકસ જીએનએલયુના ડિરેકટર ડૉ.એસ. શાંથાકુમાર, ભારતના મહામંત્રી ડૉ. ડી.જી. ચૌધરી, એરિયા ડિરેકટર ડૉ. આર.જે. ચૌધરી, એસજીએસયુના રજિસ્ટ્રાર એ.એમ. દેસાઈ તથા અન્ય હોદ્દેદારો, અધિકારી, રમતવીર, તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના ગૃહમંત્રી અને રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવીએ ડૉ.અર્જુનસિંહ રાણાને કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા વ્યકત કરી હતી.

## સે-૩ ન્યુમાં આ વર્ષે પણ નવરાત્રી ગરબા નહિ યોજાય

ગાંધીનગર, તા.૬

નવરાત્રી મહોત્સવ સમિતિ સેકટર-૩ ન્યુ દ્વારા આ વર્ષે નવરાત્રીની ઉજવણી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. કોરોનાની બીજી લહેરમાં આ સેકટરમાં ઘણા બધા પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે જેની સંખ્યા મોટા પ્રમાણમાં છે. જેથી સેકટરમાં શોકમય વાતાવરણ છે. જે પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેઓ આ શોકમય વાતાવરણમાંથી હજુ સુધી બહાર આવી શકયા નથી.નવરાત્રી મહોત્સવ સમિતિના તમામ હોદેદારો તથા કારોબારી સભ્યોની મળેલ મીટીંગમાં સર્વે સ્વર્ગસ્થોને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આવા શોકમય વાતાવરણમાં તથા કોરોના મહામારીમાં વસાહતીઓના સામુહિક હિતને ધ્યાને લઈ ચાલુ વર્ષે નવરાત્રીની ઉજવણી તથા શોભાયાત્રા બંધ રાખેલ છે. પ્રથમ દિવસે સાદી વિધિથી માતાજીનું સ્થાપન અને રોજ રાત્રે ૮.૩૦ કલાકે આરતી કરવામાં આવશે તથા પ્રથમ નવરાત્રીના રોજ સેકટર પરિવારના અવસાન પામેલા સ્વર્ગસ્થોને શ્રધ્ધાંજલિ આપવાનો સામુહિક કાર્યક્રમ ૮.૩૦ કલાકે આરતી પછી રાખેલ છે.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૬

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૯ને શનિવારે બપોરે ૨થી ૫ દરમિયાન બ્રહ્મભવન સે-૧૬ખાતે જુદા જુદા વયજૂથની બ્રહ્મ બહેનો માટે ગરબા સ્પર્ધા યોજેલ છે. જેમાં સ્પર્ધકોએ વેકિસન સર્ટી સાથે રાખવા ફરજિયાત છે. આ સ્પર્ધામાં નામ નોંધાવવા માટે વિમળાબેન આચાર્ય (૯૪૨૬૩૫૬૦૧૭), નિશાબેન જોશી (૯૯૧૩૮૪૦૧૭૬), દિપાબેન પંડયા (૯૪૨૭૬૨૨૧૪૯), અંજનાબેન ગોર (૯૪૨૮૬૧૪૪૮૨) નંબર પર સંપર્ક કરવો. આ સ્પર્ધાના સ્થળે મસ્ક પહેરવો તેમજ સોશિયલ ડિસ્ટન્સ જાળવવું જરુરી છે.

## ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે વન્ય પ્રાણી સંરક્ષણ વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૬

ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે વન્ય પ્રાણી સંરક્ષણ વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી નિમિત્તે વનવિભાગના દહેગામ રેન્જના ફોરેસ્ટર સુનીલભાઈ વાઘેલાની પ્રેરણાથી બીટ ગાર્ડ સુનીલભાઈ ચૌધરી દ્વારા આ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

### ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘેલા પ્રતાપસિંહ માધુજી, ઉ.વ. ૯૫, પિંડારડા
- સ્વ. પ્રજાપતિ મંગુબેન પરસોત્તમભાઈ, ઉ.વ. ૭૩, પેથાપુર
- સ્વ. જોષી જનકકુમાર ઈશ્વરપ્રસાદ, ઉ.વ. ૬૧. સેકટર-૧૬

# આજથી જગદંબાની આરાધનાનું પર્વ શારદીય નવરાત્રીનો મંગલ પ્રારંભ

## આજે માં દુર્ગાના પ્રથમ સ્વરૂપ શૈલપુત્રી પુજાશે, ઘીનો પ્રસાદ થશે ત્રીજ અને ચોથ ભેગી હોવાથી નવરાત્રી આઠ દિવસની રહેશે

ગાંધીનગર, તા.૬

જગતજનની માં જગદંબાના આરાધનાનું પર્વ શારદીય નવરાત્રી અશ્વિન માસની શુકલ પક્ષની પ્રતિપદાથી શરૂ થયું છે. માં દુર્ગાના નવસ્વરૂપોનું નવ દિવસ પુજન અર્ચન કરવામાં આવશે. આજે પ્રથમ દિવસે દેવી શૈલપુત્રીની પુજા અર્ચના કરવામાં આવે છે. પર્વતરાજ હિમાલયની પુત્રી હોવાથી તેને શૈલપુત્રી કહેવામાં આવે છે તેમણે મસ્તક પર ચંદ્ર ધારણ કરેલો છે. તેમનું વાહન વૃષભ (નંદી) છે. આ માતાજીની પુજા કરવાથી મુલાધાર ચક્ર જાગૃત થઈ અનેક સિધ્ધીઓ પ્રાપ્ત થાય છે. ધન-ધાન્ય, ઐશ્વર્ય, સૌભાગ્ય, આરોગ્ય અને મોક્ષ આપનારી માતાના પૂજનનો વિશિષ્ટ મહિમા છે. આજે માતાજીને ઘીનો



પ્રસાદ ધરાવાય છે.

ઘટ સ્થાપન, જવેરા વાવવા સાથે માતાજીને સોળે શણગાર કરવામાં આવશે અને ભકતો દ્વારા જપ-તપ અને અનુષ્ઠાન કરવામાં આવશે. આ નવરાત્રી પર્વમાં ૯ ઓકટોબરે શનિવારે ત્રીજની તિથિ સવાર સુધી જ છે ત્યાર બાદ ચોથ શરૂ થશે જે ૧૦ ઓકટોબર સવારે ૫ વાગ્યા સુધી રહેશે જેથી ત્રીજ અને ચોથના સમન્વયથી નવરાત્રી આઠ દિવસની રહેશે. દેશ અને રાજયભરમાં માઈ મંદિરો માતાજીના આ પર્વથી સજ્જ બની ભક્તિમાં લીન બનશે. જયારે ઘર આગળ, શેરી ગરબા કે સોસાયટીઓમાં પણ માતાજીના આ પર્વને ઉજવવાનો થનગનાટ જોવા મળી રહ્યો છે.

## જિલ્લા કોર્ટ દ્વારા કાનુની શિક્ષણ શિબિરો યોજાશે

ગાંધીનગર, તા.૬

જિલ્લા કોર્ટ દ્વારા ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકાઓના તમામ ગામડાઓમાં કાનુની શિક્ષણ શિબિરો યોજવામાં આવશે. તારીખ ૨-૧૦-૨૧થી ૧૪-૧૧-૨૧ સુધી આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તેમજ તાલુકા કાનુની સેવા સમિતિ, કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગર દ્વારા પીએલવી તેમજ પેનલ વકીલ દ્વારા અલગ અલગ જગ્યાએ અલગ અલગ વિષય ઉપર ગાંધીનગર જિલ્લાના તમામ ગામડાઓમાં કાનૂની શિક્ષણનું આયોજન કરી નાગરિકોને કાયદાકીય માહિતી પુરી પાડવાનું આયોજન કરાશે. જેમાં નાલ્સાની જુદી જુદી યોજનાની સમજ આપવામાં આવશે. જેનો લાભ તમામ જાહેર જનતાએ લેવા જણાવાયું છે.


### જન્મદિને વધામણી



જતિન ઓઝા
મો. ૯૪૨૬૪ ૬૪૬૧૦



ભૂપેન્દ્ર ડી શાહ
મો. ૯૪૨૮૮ ૦૭૬૭૦



પરમાર સંધ્યા વિનોદભાઈ



કેતન એમ ભટ્ટ
મો. ૯૪૨૬૭ ૬૫૯૫૫



રમેશકુમાર હેમચંદદાસ પંચાલ
મો. ૯૩૨૮૮૭૨૬૮૯



આદિત્ય ઉપાધ્યાય
મો.૯૮૭૯૭ ૭૫૭૯૫



હર્ષલકુમાર ઓઝા



ડૉ. નિરજકુમાર જી ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



ચંદ્રકાન્ત પી પરમાર
રેડક્રોસ, ગાંધીનગર



હંસાબેન આર. પંચાલ
મો. ૯૮૨૫૩ ૭૩૯૯૨